॥ સનાતન પરમો ધર્મ ॥ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર — સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● ભાદરવા સુદ - ૧૧ ● તા. ૧૭-૦૯-૨૧ ● શુક્રવાર SDP NO: 515 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

ગુજરાત સરકારનો સંપૂર્ણ ચહેરો બદલાયો

ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળમાં ૧૦ કેબિનેટ સહિત ૨૪ મંત્રીઓ સામેલ થયા : મંત્રી મંડળમાં દક્ષિણ ગુજરાતનો દબદબો, કચ્છની બાદબાકી : ૮ પાટીદારોને મંત્રીપદ મળ્યું

આઝાદી નો અમૃત મહોત્સવ

દુનિયાના સર્વાધિક લોકપ્રિય નેતા, દેશના લોકલાડીલા વડાપ્રધાન તેમજ ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીને

જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ...

દેશવાસીઓની આકાંક્ષાઓને પૂર્ણ કરવા સતત કાર્યરત રહેવા બદલ ધન્યવાદ મોદીજી

ગરીબોના બેલી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

કોરોનાના કપરા સમયમાં ગરીબો માટે રાશનની ચિંતા કરી
ગુજરાતમાં ૮૦% લોકોને ૧૮ મહિના સુધી નિઃશુલ્ક અનાજ આપ્યું

મહિલાઓને ચૂલાના ધુમાડામાંથી મુક્તિ આપી
ઉજ્જવલા યોજનાથી રાજ્યના ૨૯ લાખ પરિવારોને ગેસ કનેક્શન આપવામાં આવ્યાં

ગરીબો માટે ખોલ્યા બેન્કના દરવાજા
રાજ્યમાં કુલ ૧.૬૧ કરોડ લોકોના જનધન યોજના હેઠળ બેન્ક ખાતા ખોલવામાં આવ્યાં

ખેડૂતોની સુખાકારી માટે સતત કાર્યરત
રાજ્યના ૫૮.૮૭ લાખ ખેડૂતોને દર વર્ષે રૂ. ૬૦૦૦ ની સહાય

જનસામાન્યને આપી સ્વાસ્થ્યની સુરક્ષા
આયુષ્માન યોજના હેઠળ રાજ્યના ૩.૩૦ કરોડ લોકોને ૫ લાખ રૂપિયા સુધીની નિઃશુલ્ક સારવારની ગેરંટી

ગરીબ પરિવારોના સ્વાસ્થ્ય અને સન્માનની કરી ચિંતા
રાજ્યમાં ૩૩.૫૦ લાખ ગ્રામ્ય ઘરોમાં શૌચાલયનું નિર્માણ કરવામાં આવ્યું

ગરીબોને આપ્યા તેમના સપનાનાં ઘર
રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૪.૭૧ લાખ પરિવારોને મળ્યા સુવ્યવસ્થિત ઘર

સૌને વેક્સિન, મફત વેક્સિન. ધન્યવાદ મોદીજી
રાજ્યમાં ૫ કરોડથી વધુ વેક્સિનના ડોઝ આપવામાં આવ્યાં

- સંગઠનમાંથી રાતોરાત સત્તા પર બેસી CM થી PM સુધી પહોંચેલા નરેન્દ્ર મોદીની સફળતા હવે ભાજપ માટે એક સ્ટ્રેટેજી બની ગઈ..
- ભાજપ એક કેડરબેઝ પક્ષ હોવાથી વર્ષોથી સત્તા પર બેઠેલા ને નહીં હટાવાય તો નવી કેડર તૈયાર કેવી રીતે થશે, તેનો ઉકેલ લાવ્યા નવાને સત્તામાં ભાગીદારી..

CM એટલે ચીફ મિનિસ્ટર નહીં કોમન મેન હોવાનો મોદીનો મંત્ર ભાજપ મુખ્યમંત્રીઓ માટે સત્તાની એક લકીર.

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ છે. ૭૦ વર્ષ પૂર્ણ કરી ૭૧ વર્ષમાં પ્રવેશ કરી રહેલા પી.એમ. મોદીએ છેલ્લા કેટલાક સમયથી અલગ અને ચોંકાવનારી રાજનીતિ રમી રહ્યા છે. ગુજરાત સહિતના પાંચ રાજયોમાં મુખ્યમંત્રી સહિત મંત્રી મંડળમાં ધરમૂળમાંથી ફેરફાર કરવાની નરેન્દ્ર મોદીની સ્ટ્રેટેજી પાછળ એક એવું ગણિત ચાલી રહ્યું છે કે, નરેન્દ્ર મોદી પણ સંગઠનમાંથી સીધા જ સત્તા પર આવ્યા હતા અને સફળ થયા છે તો આખા દેશમાં ભવિષ્યમાં ભાજપ માટે અનેક નરેન્દ્ર મોદી તૈયાર થઈ શકે છે.

પીએમ મોદીની અનુભવ વગર મળી હતી સત્તા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ષો સુધી ભાજપ સંગઠનમાં હતા, તેમને સત્તાનો ક્યારેય અનુભવ ન હતો. તેમ છતાં ૨૦૦૧માં રાતોરાત હાઈકમાન્ડના આદેશ અનુસાર ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો, નરેન્દ્ર મોદીને તે સમયે સરકાર, વહીવટ, પ્રજાના કામો, સરકારી નિર્ણયો, યોજનાઓ અંગેના કોઈ અનુભવ ન હતા, પરંતુ સત્તાને સાચવવાની સાથે પ્રજાલક્ષી નિર્ણયો, પ્રજાનો પ્રેમ મેળવવામાં સફળ થયા હતા, એટલું જ નહીં, જંગી બહુમતી સાથે દેશના વડાપ્રધાન સુધી પહોંચ્યા હતા, ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેની શાસનની કુનેહ નરેન્દ્ર મોદીને દેશના વડાપ્રધાનના કાર્યકાળમાં પણ સફળતા મળી રહી છે

યુવાનોને સત્તા આપી રાજ્યનો વિકાસ વધારી શકાય

નરેન્દ્ર મોદીએ પોતાના અનુભવ, શાસન ચલાવવાની પધ્ધતિને ધ્યાનમાં રાખીને ભાજપ શાસિત રાજ્યો કે જ્યાં મુખ્યમંત્રી સહિત નિષ્ફળ રહેલા મંત્રીઓને ફેરફારો કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે, જેમાં જુના જોગીઓ, વારંવાર મંત્રીઓ કે મુખ્યમંત્રી બનેલા હોય કે વર્ષોથી સત્તા પર હોય તેવા મંત્રીઓ અને મુખ્યમંત્રીઓને બદલી તેમના સ્થાને યુવાનો, નવા ચહેરાઓને સત્તામાં સ્થાન આપવામાં આવી રહ્યું છે, એટલે કે, નરેન્દ્ર મોદીનું એવું રાજકીય ગણિત હોવું જોઈએ કે, સત્તા પર બેઠેલા કેટલાક લોકો વર્ષો સુધી એકધાર્યા ચાલ્યા કરશે તો બીજી કેડરને તક મળવી મુશ્કેલ બની જાય પરિણામે ધીરે ધીરે નવી કેડર ભાજપની સમર્થક તો બની જશે. પણ પક્ષના નેતા કે ફૂલ ટાઈમ વર્કર બનતા વિચાર કરશે, એટલું જ નહીં બદલાતા જતા વિશ્વની સાથે તાલમેલ કરી શકે તેવા યુવાનોને સત્તામાં ભાગીદાર બનાવવામાં આવે તો જે તે રાજ્યનો વિકાસ પણ એટલો ઝડપી થઈ શકે છે.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

Happy BiRTHDAY

મા. નરેન્દ્રભાઈ મોદી જેવું પ્રામાણિક અને પારદર્શી વ્યક્તિત્વ દેશને મળવું એ સૌભાગ્યની બાબત છે. પુરુષાર્થવાદી રાજપુરુષ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ને પરમાત્મા યશસ્વી દીર્ઘાયુષ્ય આપે અને તેનો લાભ ભારતને મળતો રહે. વડાપ્રધાન મા. નરેન્દ્રભાઈ મોદીજી નાં જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓ . . .

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

પ્રમુખશ્રી અબજીભાઈ કાનાણી, શ્રી અ.ભા.ક.ક.પ. સમાજ.

નર્મદા ડેમની જળ સપાટીમાં વધારો

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીનગર : ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમની જળસપાટીમાં ઉપરવાસમાં વરસાદ થતા ફરી વધારો થવા પામ્યો હોવાના અહેવાલો પ્રાપ્ત થવા પામી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૨ સે.મી. જળસપાટીમાં વધારો થતા હાલ તુરંત ડેમની જળસપાટી ૧૨૦.૪૪ મીટરે પહોંચી જવા પામી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિને કચ્છમાં વિવિધ યોજના હેઠળ લાભાર્થીઓને લાભ અપાશે

કચ્છ જિલ્લા માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે ૧૭ સપ્ટેમ્બરના રોજ કચ્છમાં જિલ્લા, તાલુકા અને નગરપાલિકા કક્ષાએ વિવિધ ૧૭ સ્થળે કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં સરકારની વિવિધ યોજનાઓનો લાભ લાભાર્થીઓને અપાશે. જે પૈકી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની ઉજ્જવલા યોજના -૨ અંતર્ગત ૩૧૦૦ લાભાર્થીઓને ઉજ્જવલા કીટ અને સબસ્ક્રિપ્શન વાઉચર અપાશે. એમ પુરવઠા અધિકારી ચૌધરીએ જણાવ્યું હતુ. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મુખ્યમંત્રી બાળ સહાય યોજના હેઠળ કચ્છ જિલ્લાના કુલ ૬૦ અનાથ બાળકો તેમજ અંદાજે ૫૧૪ જેટલા સીંગલ પેરેન્ટ બાળકોને ડાયરેક્ટ બેનિફિસરી ટ્રાન્સફર રૂ. બે હજારની સહાય સીધા બાળકોના બેંક ખાતામાં જમા કરવામાં આવશે તેમ બાળ સુરક્ષા અધિકારીશ્રી વિપુલ ડોરિયાએ જણાવ્યું હતું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કોરોના વેક્સિનેશન પ્રોગ્રામ અંતર્ગત જિલ્લાના જે ગામોમાં વેક્સિનેશનનો ૧૦૦ ટકા પ્રથમ ડોઝ પૂર્ણ કરાયો છે. એવા આ લખાય છે ત્યાં સુધી ૨૨૦ જેટલા સરપંચોનું સન્માન કરવામાં આવશે એમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જનક માઢક દ્વારા જણાવાયું છે. જ્યારે ગ્રામીણ વિકાસ વિભાગ દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શૌચાલય સંબંધી કામગીરી કરવામાં આવશે.

નખત્રાણા લખપત ધોરીમાર્ગ બિસ્માર હાલત

સામાન્ય વરસાદમાં ધોવાઈ જતા વાહનચાલકો પરેશાન ખરાબ રસ્તાના કારણે લોકોને નિયત સ્થળે પહોંચવા માટે ત્રણ ગણો સમય લાગી રહ્યો છે. આસો નવરાત્રી દરમિયાન માતાના મઢમાં આવતા લાખો શ્રદ્ધાળુઓને પણ હાલાકી પડશે પશ્ચિમ કચ્છનો અતિ મહત્વનો નખત્રાણા લખપત ધોરીમાર્ગ સામાન્ય વરસાદમાં જ ખખડધજ બની ગયો છે. તીર્થ સ્થળોએ જતા યાત્રાળુઓ અને માલ પરિવહન કરતા વાહન ચાલકોને અહીંથી પસાર થવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ખરાબ રસ્તાના કારણે લોકોને નિયત સ્થળે પહોંચવા માટે ત્રણ ગણો સમય લાગી રહ્યો છે. વાહનોમાં પણ હાની પહોંચી રહ્યાની ફરિયાદ.

નખત્રાણા લખપત ધોરીમાર્ગ પરના પ્રસિદ્ધ તીર્થસ્થાન માતાનામઢ પહોંચવા માટે ૪૫ કિલોમીટરનું અંતર કાપતા એક કલાકના બદલે ત્રણ કલાક જેટલો સમય લાગી રહ્યો છે. આ માર્ગના નવીનીકરણ માટે સરકારી ગ્રાન્ટ પણ પાસ થઈ ગઈ હતી, પરંતુ નખત્રાણાના સ્થાનિક તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં ના આવતા વિકટ પરિસ્થિતિ ઉભી થઈ છે. પસાર થતા વાહનોના ટાયરમાં પંચર પડી જવા, સ્પેરપાર્ટ તૂટી જવા કે તેમાં હાનિ પહોંચી રહ્યાની ફરિયાદો રોજિંદી બની ગયાનું મુસાફરો અને વેપારીઓ એ જણાવ્યું હતું.

નખત્રાણા વિસ્તારમાં આ વર્ષે છૂટો છવાયો વરસાદ પડ્યો છે. તેમજ જિલ્લામાં સૌથી ઓછો વરસાદ લખપત તાલુકામાં પડ્યો છે, તેમ છતાં માર્ગની હાલત બિસ્માર બનતા લોકોના મનમાં તંત્રની કામગીરીને લઈ અનેક પ્રશ્નો ઉભા થયા છે. આગામી આસો નવરાત્રીને હવે માત્ર બે સપ્તાહ જેટલો જ સમય બાકી રહ્યો છે, ત્યારે જવાબદાર તંત્ર દ્વારા યોગ્ય કામગીરી હાથ ધરવામાં આવશે કે કેમ તેવા સવાલો પણ લોકોના મનમાં ઉદભવી રહ્યાં છે.

કચ્છ યુનિવર્સિટીમાં છાત્રોએ ચાલુ સિન્ડિકેટ બેઠકમાં પોતાનો વિરોધ વ્યક્ત કર્યો

બેઠકમાં હાજર કુલપતિ - કુલસચિવે માંગણી સ્વિકારવાની ખાતરી પણ આપી.

કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના પ્રવેશ, પરીક્ષા અને પરિણામ જેવા વિવિધ મુદ્દાઓને લઈને તંત્રને અલ્ટિમેટમ આપવામાં આવ્યું હતું. પણ યુનિ. દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી, જેના લીધે બુધવારથી તબક્કાવાર આ અંદોલન શરૂ કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી. બુધવારે યુનિવર્સિટી સંકુલમાં ચાલુ સિન્ડીકેટ બેઠકમાં જઈને વિરોધ વ્યક્ત કર્યો હતો. બેઠકમાં હાજર કુલપતિ અને કુલસચિવે છાત્રોની માગણી સ્વિકારવામાં આ વિશે તેવી ખાતરી આપી હતી.

એ.બી.વી.પી દ્વારા વિદ્યાર્થીઓના પ્રવેશ પરીક્ષા પરિણામ જેવા વિવિધ વિષયોને લઈને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું, માગણીઓ અંગે યુનિવર્સિટી તંત્રને સમય આપવામાં આવેલ પણ કોઈ નક્કર પગલા ન લેવાતા બુધવારથી તબક્કા વાર આંદોલન શરૂ કરવાની તૈયારી દર્શાવાઈ હતી. બુધવારે કચ્છ યુનિવર્સિટી ખાતે સિન્ડિકેટ બેઠક ચાલુ હતી, અને બીવીપીના છાત્રો ચાલુ બેઠકમાં પહોંચી જઈ વિરોધ કર્યો હતો. જેમાં યુનિવર્સિટીના બધા સિન્ડિકેટ સદસ્યો અને સાથે કુલપતિ અને કુલસચિવ પણ હાજર હતા. વિદ્યાર્થી પરિષદ દ્વારા વિરોધ કરાતા સમગ્ર સિન્ડિકેટની હાજરીમાં કુલપતિ અને કુલસચિવએ ખાતરી આપી છે કે બધી માંગો સ્વીકારી લેવામાં આવશે. છાત્રોના પ્રશ્નો માટે વિરોધ કરવા માટે ચાલુ બેઠકમાં જિલ્લા સંયોજકો અક્ષય ઠક્કર અને વ્રજેશ પાવાગઢી સાથે કચ્છ વિભાગના કાર્યકર્તાઓ જોડાયા હતા.

Region Chairman Narendran Makani · Region Chief Secretary Navnit Limbani · Council President Harilal Rudani, Chennai · Council Secretary Paresh Dhanani, Kolkata · ABKKPY Reg.No. A/4017/A'bad · www.yuvasangh.org · E-mail : ncr@yuvasangh.org

॥ સનાતન પરમો ધર્મ ॥
SHRI AKHIL BHARTIYA KUTCH KADVA PATIDAR
YUVASANGH
NAVCHETAN REGION
GANGASAGAR COUNCIL

વાર્ષિક સામાન્ય સભા પરિપત્ર

પ્રતિ, NCR

શ્રી ABKKP યુવાસંઘ ના ત્રિસ્તરીય માળખાને સ્થાનિક યુવા મંડળ રીજીયન અને કેન્દ્રને અનુલક્ષીને વર્ષ ૨૦૨૧ - ૨૦૨૩ ની નવી ટીમના ગઠન માટે રીજીયન નવચેતન ની "વાર્ષિક સામાન્ય સભા" નું આયોજન રીજીયન ચેરમેનશ્રી નરેન્દ્રન માકાણી ના અધ્યક્ષ સ્થાને આવતી તા:૧૯-૦૯-૨૦૨૧ રવિવાર, બપોર ૨.૩૦ કલાકે, સ્થળ : પટેલ સમાજવાડી, બૈધયાબાટી હુગલી ખાતે નિર્ધારિત કરેલ છે.

તો આપ સૌ લક્ષ્મીનારાયણ સ્વરૂપે અચૂક પધારી યુવા ટીમને પ્રોત્સાહિત કરવા અને સભાના સાક્ષી બનવા અમારું ભાવભર્યું હાર્દિક આમંત્રણ છે.

આપ સૌની હાજરી યુવા ટીમમાં નવી ચૈતન્ય સ્ફૂર્તિ અને ઉત્સાહમાં વધારો કરશે તેવી અપેક્ષા સહ.

મુખ્ય કાર્યસૂચિ : ગત વાર્ષિક સામાન્ય સભા ની કાર્યસૂચિ નું વાચન તથા બહાલી . વાર્ષિક હિસાબો ની રજુઆત અને બહાલી .. વર્ષ દરમિયાન થયેલ કાર્યો ની માહિતી

- પ્રોત્સાહન ઇનામ નું વિતરણ.
- શ્રીસમાજના વડીલો અને યુવાસંઘના પધારેલા મહેમાનો ના આશીર્વચન.
- ચેરમેનશ્રી નું ઉદબોધન.
- વર્ષ ૨૦૨૧-૨૦૨૩ ની નવી ટીમ ની વરણી અને સપથ ગ્રહણ.

રીજીયન નવચેતન ની "કારોબારી સભા" તા : ૧૯-૦૯-૨૦૨૧ ને રવિવાર ના સવારના ૯.૩૦ કલાકે ઉપરોક્ત સ્થાને રાખવામાં આવેલ છે. આપ સર્વે ૨૦૧૮-૨૦૨૧ ના કારોબારી સભ્યો નિર્ધારિત સમયે અચૂક ઉપસ્થિત રહેશોજી.

નોંધ : કારોબારી સભા પૂર્ણ થયા બાદ તરતજ વાર્ષિક સામાન્ય સભા નું આયોજન કરેલ છે.

નરેન્દ્રન માકાણી - ચેરમેન   નવનીત લીંબાણી - મહાસચિવ

Leadership lead with purpose live with passion · "જ્ઞાન, શીલ, એકતા એજ યુવાસંઘની વિશેષતા" · Act Locally... Think Globally... · Education & Health · Business & Career · Political & Leadership · Social & Spiritual

આજનું આચમન

ખોટા ખર્ચા જીવનની રીત બગાડે છે અને ખોટી ચર્ચા સંબંધની પ્રિત બગાડે છે

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન - સંસ્કારધામ દેશલપર - કચ્છ

ભાદરવા સુદ ૧૧, વિ. સંવત ૨૦૭૭ શુક્રવાર, તા.૧૭.૯.૨૦૨૧

આજે શુક્રવાર, તારીખ ૧૭ સપ્ટેમ્બર, ભાદરવા સુદ અગિયારસ — વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ૭૧ મો જન્મદિવસ

- ગુજરાતના ૭૧૦૦ રામ મંદિરમાં આરતી અને રામધૂન
- ૭૧ બાળકોની ઓપન હાર્ટ સર્જરી થશે
- અમદાવાદમાં PM ના જન્મદિને લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડિયમમાં મિયાવાકી પધ્ધતિથી ૭૧ જાતના ૭૧૦૦૦ વૃક્ષો વાવી મિની જંગલ ઊભું કરાશે.
- અમદાવાદમાં સવારે છ વાગ્યાથી રાતના દસ વાગ્યા સુધી મેગા વેક્સિનેશન ડ્રાઇવ, ૯૧ સ્થળે કોરોના સામે વેક્સિન અપાશે.
- કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશ સુરત ખાતે વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણી નિમિત્તે આયોજિત વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.
- અમદાવાદના બાપુનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાનું આયોજન.

અભિનંદન... અભિનંદન... અભિનંદન...

વિશ્રામભાઈ છાભૈયા — ટ્રસ્ટીશ્રી શ્રીસમાજ - બેંગલોર
રાજેશભાઈ લીમાણી — ઉપપ્રમુખ શ્રીસમાજ

વિશ્રામભાઈ લાલજીભાઈ - છાભૈયા
રાજેશભાઈ મેઘજીભાઈ - દિવાણી
કોટડા (જડોદર) નખત્રાણા

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના ટ્રસ્ટી અને ઉપપ્રમુખ બનવા બદલ ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવીએ છીએ.

આપશ્રીની ઉપરોક્ત પદ ઉપર નિમણૂક થતા કોટડા ગામ ને એક નવું મોર પીંછ શોભાયમાન કરશો એવી અભ્યર્થના.

આપ આ પદ ઉપર રહીને સવિશેષ સેવા દાખવશો અને સમાજને નવી દિશા માં પ્રગતિના પંથ ઉપર લઈ જશો અને આપ થકી સમગ્ર જ્ઞાતિની સનાતની સમાજનું ગૌરવ વધારશો.

કોટડા ગામનું નામ રોશન કરશો એવી આશા સાથે હાર્દિક શુભેચ્છા,
જય શ્રી લક્ષ્મીનારાયણ

શુભેચ્છક.
- સુરેશભાઈ દામજીભાઈ છાભૈયા
- પંકજભાઈ નરસિંહભાઈ છાભૈયા
- મનોજભાઈ નરસિંહભાઈ છાભૈયા

કોટડા, હૈદરાબાદ.

પાટીદાર મંત્રીઓ | નવી સરકારના લેઉવા-કડવા

વિષય ફાળવણીની વિગત

- : ભૂપેન્દ્ર પટેલ : -

સા.વ.વિ., વહીવટી સુધારણા અને આયોજન, ગૃહ અને પોલીસ હાઉસીંગ, માહીતી અને પ્રસારણ, પાટનગર યોજના, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ઉદ્યોગ, ખાણ અને ખનીજ, નર્મદા, બંદરો, તમામ નીતિઓ અને અન્ય કોઈ મંત્રીશ્રીઓને ફાળવા યેલ ન હોય તેવા વિષયો / વિભાગો.

કેબીનેટ મંત્રીશ્રી

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી
મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, કાયદા અને ન્યાય તંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો.

શ્રી જીતુભાઈ સવજીભાઈ વાઘાણી
શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ), ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વિજ્ઞાન અને પ્રાઉધ્યોગિક.

શ્રી રૂષિકેશભાઈ ગણેશભાઈ પટેલ
આરોગ્ય પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, જળસંપત્તિ અને પાણી પુરવઠો.

શ્રી પૂર્ણેશ મોદી
માર્ગ અને મકાન, વાહન વ્યવહાર, નાગરી કઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ.

શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ
કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન.

શ્રી કનુભાઈ મોહનલાલ દેસાઈ
નાણા, ઉર્જા, પેટ્રોકેમિકલ્સ.

શ્રી કીરીટસિંહ જીતુભા રાણા
વન, પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, છાપકામ અને સ્ટેશનરી.

શ્રી નરેશભાઈ મગનભાઈ પટેલ
આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષા.

શ્રી પ્રદિપસિંહ ખનાભાઈ પરમાર
સામાજીક ન્યાય અને અધિકારીતા.

શ્રી અર્જુનસિંહ ઉદેસિંહ ચૌહાણ
ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (સ્વતંત્ર હવાલો).

શ્રી હર્ષ રમેશકુમાર સંઘવી
રમત, ગમત, યુવક સેવા અને સાંસ્કૃતીક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, ગૃહ રક્ષકદળ અને ગ્રામ રક્ષકદળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી, આબકારી, જેલ, સરહદી સુરક્ષા નામ વિષય ફાળવણીની વિગત (સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસીંગ, આપત્તિ વ્યવસ્થાપન.

શ્રી જગદીશ વિશ્વકર્મા
કુટિર ઉદ્યોગ, સહકાર, મીઠા ઉદ્યોગ અને પ્રોટોકોલ(સ્વતંત્ર હવાલો), ઉદ્યોગ, વન પર્યાવરણ અને કલાઈમેટ ચેન્જ, પ્રીન્ટીંગ અને સ્ટેશનરી.

શ્રી બ્રીજેશ મેરજા
શ્રમ, રોજગાર, પંચાયત(સ્વતંત્ર હવાલો), ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ.

શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરી
કલ્પસર અને મત્સ્યો ઘોગ (સ્વતંત્ર હવાલો), નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠો.

શ્રીમતી મનીષાબેન વકીલ
મહિલા અને બાળકલ્યાણ (સ્વતંત્ર હવાલો), સામાજીક ન્યાય અને અધિકારીતા

રાજ્યકક્ષાના મંત્રીશ્રી

શ્રી મુકેશભાઈ ઝીણાભાઈ પટેલ
કૃષિ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ.

શ્રીમતી નિમિષાબેન સુથાર
આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ.

શ્રી અરવિંદભાઈ રૈયાણી
વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ.

શ્રી કુબેરભાઈ ડીંડોર
ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો.

શ્રી કિર્તીસિંહ પ્રભાતસિંહ વાઘેલા
પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ.

શ્રી ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર
અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષાની બાબતો

શ્રી આર. સી. મકવાણા
સામાજીક ન્યાય અને અધિકારીતા.

શ્રી વિનોદભાઈ અમરશીભાઈ મોરડીયા
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ.

શ્રી દેવાભાઈ પુંજાભાઈ માલમ
પશુપાલન અને ગૌસંવર્ધન.

સુરતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૧માં જન્મ દિવસે 'નમોત્સવ'નું આયોજન, કેકની જગ્યાએ ૭૧ કિલોની જલેબી વહેંચાશે

સંસ્કૃતિ અને પરંપરાના સૌને દર્શન થશે-

ભાજપ આ સમગ્ર આયોજન અંગે ભાજપ સુરત મહાનગર પ્રમુખ નિરંજનભાઈ ઝાંઝમેરા એ જણાવ્યું હતું કે આ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૧ માં જન્મ દિવસ નિમિત્તે "નમોત્સવ" નું આયોજન ન ભૂતો ન ભવિષ્યતિ બની રહે તે માટેનો નિર્ધાર પહેલેથી જ કર્યો હતો. ગુજરાતનાજાણીતા અને લોકપ્રિય લોક કલાકાર સાંઈરામ દવેને સુરત ખાતે આમંત્રિત કરવામાં આવ્યા છે. કલાકારો એ એવી સુંદર કૃતિ રજૂ કરશે કે એ કૃતિના માધ્યમથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના બાળપણથી લઈને વડાપ્રધાન સુધીના જીવન સફરને મંચ પર જીવંત કરશે. સાથે ને સાથે જ કલાકારો ભારત અને ગુજરાતની સંસ્કૃતિ અને પરંપરાના સૌને દર્શન કરાવશે.

સુરત માં ૭૧ વિદ્યાર્થીઓને દત્તક લેવાશે

સ્થાઈ સમિતિના અધ્યક્ષ પરેશભાઈ પટેલએ જણાવ્યું કે, માત્ર કાર્યક્રમ થકી જન્મ દિવસની ઉજવણી જ નહીં કરવામાં આવશે પણ આ પ્રસંગે સમાજને પ્રેરણા મળી રહે તેવું સામાજિક કાર્ય પણ કરવામાં આવનાર છે. મહાનગરપાલિકા સંચાલિત સુમન શાળાઓમાં અભ્યાસ કરતા એવા ૭૧ બાળકોને દત્તક લેવાશે કે જેઓ સી.એ. બનવા માંગે છે. આ બાળકોના સી.એ.ના અભ્યાસ પૂર્ણ થાય ત્યાર સુધીનો તમામ ખર્ચ સામાજિક અગ્રણીઓ અને સંસ્થાઓ ભોગવશે. જેમને સી.એ. હરિ અરોરા, પ્રકાશભાઈ ધોરિયાણી અને દિનેશભાઈ ચૌધરીએ આ કાર્ય માટે સાથે લાવી એકજુટ કર્યા છે.

કેક નહી પણ ૭૧ કિલોની જલેબીનું કટિંગ થશે

સુરતના મેયર હેમાલીબેન ભોગાવાલાએ જણાવ્યું હતું કે,સામાન્ય રીતે જન્મ દિવસના અવસરે કેક કટિંગ કરીને સેલિબ્રેશન કરવામાં આવતું હોય છે પણ અમારા દ્વારા કેક કટિંગ ના બદલે જલેબીની કટિંગ કરાશે. આ માટે ખાસ ૭૧ કિલોની એક વિશાળ જલેબી બનાવવામાં આવી છે અને કટિંગ કાર્ય પછી અનાથાશ્રમના બાળકોમાં વેંચવામાં આવશે.

કોટડામાં ૨૪મા ગણેશ મહોત્સવનો પ્રારંભ

કોટડા (જ) ગામે ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા ૨૪ માં મહોત્સવનું દીપ પ્રાગટ્ય કરીને ઉજવણી કરવામાં આવી હતી. મૂર્તિના દાતા સ્વ. મોહનભાઈ ભગતના પુત્રો વિરેન્દ્ર ભગત, જયેશ ભગતના હસ્તે મૂર્તિ અર્પણ કરવામાં આવી હતી.

દિપ પ્રાગટ્ય વેળાએ રવિભાણ આશ્રમ બિબ્બરના મહંત મુદલદાસગુરૂ જગજીવનદાસ અને રવિભાણ આશ્રમ વિશ્રાણીના મહંત સુરેશદાસ ગુરૂ શાંતિદાસના હસ્તે કરવામાં આવ્યું હતું. ગણેશ સમિતિના પ્રમુખ વિશાલભાઈ પિત્રોડા તથા દિપેનભાઈ સૌમૈયા મહામંત્રી અને ઉપપ્રમુખ નિગમભાઈ ઠક્કરના પ્રયાસોથી મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. સમસ્ત ગણેશ મહોત્સવનું સમિતિનું દોરી સંચાર ૧૨ વર્ષથી સેવા કરનાર વિગ્નેશભાઈ ઠક્કરે કર્યું હતું. સમિતિના વકિલ અને રાહબર ગાભુભા પ્રાગજી ઠક્કરે ટ્રસ્ટી તરીકે સહયોગ આપી રહ્યા છે. સમિતિના તમામ સભ્યો પોત પોતાની જવાબદારી નિષ્ઠા અને શ્રદ્ધા સાથે નિભાવી રહ્યા છે. કોમી એકતા અને સંગઠન ભાવનાનું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. સમસ્ત ગ્રામજનોનો સમિતિને સંપૂર્ણ સાથ અને સહયોગ ઉત્સવને મહોત્સવ અને સેવાકીય પ્રવિત્તિને વેગ આપે છે. સમિતિના પ્રમુખે ગણેશ દેવની વંદના કરતા જગત કલ્યાણ માટે પૂજન કરવામાં આવે છે.

www.jeevansparsh.com

- Corporate Club Member - LIC OF INDIA
- TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning · Wealth Management · Prudent Advice · Technology Enabled

All above, with best in class servicing

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA · Qualifying & Life Member MDRT®

JEEVAN SPARSH
E-73 Sector-I, Devendra Nagar, Raipur (C.G.), Tel. : 0771-2524774, 4044774
Mob. : 94252 04774, 95841 47000, E-mail: jeevansparsh@gmail.com
सही सलाह हर बार...

वास्तुकला के देव और कलात्मक रचनाओं में सर्वश्रेष्ठ

ભગવાન શ્રી વિશ્વકર્મા પ્રભુ
पूजा की हार्दिक शुभकामनाएं

દુઃખદ અવસાન

પુષ્પાંજલિ   પુષ્પાંજલિ



સ્વ.માતૃશ્રી કેસરબેન રતનશીભાઈ માવાણી (ચૌધરી)

ઉંમર ૯૮ વર્ષ, કચ્છમાં ગામ ઘડાણી હાલે વાપી /સરીગામ (ગુજરાત) નું તારીખ ૧૬/૦૯/૨૦૨૧ ને ગુરુવાર ના સવારે ૭.૦૦ કલાકે ઉંમર, અવસ્થા ને કારણે નૈસર્ગિક અવસાન થયેલ છે.

તેવો સ્વ.શ્રી નાનજીભાઈ માવાણી તથા વાલજીભાઈ માવાણી ના માતૃશ્રી હતા. એમની અંતિમયાત્રા તા. ૧૬/૦૯/૨૦૨૧ ગુરુવાર ના સવારે ૧૧:૦૦ કલાકે પરિસ્થિતિને અનુરૂપ સીમિત સંખ્યામાં રાખેલ હતી.

દિવંગત ના આત્મા ની શાંતિ કાજે આત્મિય સ્નેહીજનો, મિત્રો આપ સૌ પોત પોતાના સ્થળેથી પ્રાર્થના કરી શ્રદ્ધાંજલી અર્પણ કરીએ "પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રભુ પરમેશ્વર પાસે પ્રાર્થના"

ૐ શાંતિ શાંતિ શાંતિ

સ્વ.શ્રી રતનશીભાઈ પરબતભાઈ માવાણી(ચૌધરી) પરીવાર,
જલારામ સો મિલ, જલારામ ગ્રુપ વાપી / સરીગામ (ગુજરાત)
સ્વ.શ્રી કેસરાભાઈ પરબતભાઈ માવાણી(ચૌધરી) પરીવાર,
કોન કલ્યાણ (મુંબઈ), ગોજારીયા (ગુજરાત).
શ્રી મુળજીભાઈ પરબતભાઈ માવાણી(ચૌધરી) પરીવાર,
કોન કલ્યાણ (મુંબઈ).
તેમજ સમસ્ત માવાણી (ચૌધરી) પરીવાર ઘડાણી, કચ્છ.

શોક સંવેદના વ્યક્ત કરવા સંપર્ક કરી શકશો.
● વાલજીભાઈ : ૯૮૨૪૧૩૬૮૭૦ ● માવજીભાઈ : ૯૮૨૫૬૦૫૧૮૧
● હરેશભાઈ : ૯૪૨૭૯ ૪૫૩૭૦

ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા.

તારીખ : ૧૬/૦૯/૨૦૨૧ ગુરુવાર

સ્વ. માતૃશ્રી કેસરબેન રતનશીભાઈ માવાણી (ચૌધરી)
ઉંમર : ૯૮ વર્ષ,
કચ્છમાં ગામ : ઘડાણી, તા.નખત્રાણા
હાલે : વાપી / સરીગામ (ગુજરાત)
અવસાન કારણ : કુદરતી, નૈસર્ગિક

સ્વ. વાલજીભાઈ શામજીભાઈ રામાણી
ઉંમર : ૮૫ વર્ષ
કચ્છમાં ગામ : લક્ષ્મીપર (નેત્રા)
હાલે : અસુર્દે, ચિપલુન
અવસાન કારણ : નૈસર્ગિક, કુદરતી

સ્વ. ડાહ્યાભાઈ નાનજીભાઈ ચૌહાણ
ઉંમર : ૬૭ વર્ષ
કચ્છમાં ગામ : અંચૈર
હાલે : ઈચલકરંજી-કોલ્હાપુર
અવસાન કારણ : બિમારી ને લઈને

સ્વ.શ્રી શિવદાસભાઈ મુળજીભાઈ ભગત,
ઉંમર : ૮૦ વર્ષ
કચ્છમાં ગામ : કોટડા (જડોદર)
હાલે : વરણગામ (મહારાષ્ટ્ર)
અવસાન કારણ : કુદરતી, નૈસર્ગિક

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ.
ૐ શાંતિ શાંતિ શાંતિ